

લાલઘૂમ મરચાં જોઈને આંખોમાં પાણી અને મનમાં તમતમાટ આવી જાય, પણ આ મરચાં તિખાશ વિનાના છે માનશો? આ મરચાં અથાણાં માટે શ્રેષ્ઠ ગણાય છે અને હાલ ગાંધીનગરના શાકભાજી બજારમાં વેચાઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# મહુન્દ્રા ગામની કરોડોની જમીન હડપ : છ સામે ગુનો દાખલ

## તત્કાલીન તલાટી પેઢીનામામાં સહી કરનાર પંચો અને સાક્ષીઓ તથા મુખ્ય સૂત્રધાર સામે ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીકના મહુન્દ્રા ગામની સીમમાં આવેલી ત્રણ વિઘા જમીનને વિષ્ણુ પટેલ નામની વ્યક્તિને પાક વાવણી કરવા માટે આપવામાં આવી હતી. તેમણે મુળ જમીન માલીકનો કૌટુંબીક ભાઈ હોવાનો ખોટો પુરાવો આપી બનાવટી પેઢીનામુ તૈયાર કરી જમીન હડપ કરી લીધી હોવાની પોલીસ ફરીયાદ ઈસનપુર મોટા ગામના ગોવિંદભાઈ પટેલે નોંધાવી છે. તત્કાલીન તલાટી સહિત છ સામે આ પ્રકરણમાં ગુનો નોંધી ચિલોડા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ઈસનપુર મોટા ગામમાં રહેતા ગોવિંદભાઈ કચરાભાઈ પટેલે તેમની મહુન્દ્રા ગામની સીમમાં આવેલી ત્રણ વિઘા જમીન વિષ્ણુ છગન પટેલને વાવણી માટે આપી હતી. વિષ્ણુ પટેલે મુળ માલીક ગોવિંદ પટેલના કૌટુબીંક ભાઈ હોવાથી ઓળખ આપીને ખોટુ પેઢીનામુ તૈયાર કરી પોતાનું નામ લખાવી ખોટી સહીઓ કરીને સાક્ષીઓ અને પંચો ઉભા કર્યા અને જમીનમાં પોતાનું નામ દાખલ કરાવી દઈને કિંમતી જમીન હડપ કરી લીધી હોવાની ફરીયાદ નોંધાવા પામી છે. ભેજાબાજ વિષ્ણુ છગન પટેલ, તત્કાલીન તલાટી, પંચો અને સાક્ષીઓ વાસુદેવ પટેલ, અમરત બારોટ, લાભા પટેલ અને ઈશ્વર રાવલ મળીને છ સામે ગુનો નોંધી ચિલોડા પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે.

# સે. ૨૩માં રહેતી પરિણીતાનો એસીડ ગટગટાવીને આપઘાત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ ખાતે રહેતી ૩૨ વર્ષીય પરિણીતાએ બે દિવસ અગાઉ પોતાના ઘરે કોઈ કારણોસર એસીડ ગટગટાવી લીધુ હતુ. ગંભીર હાલતમાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાથી વધુ સારવાર માટે એપોલો ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગઈ મોડી સાંજે તેણીનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરના સેક્ટર-૨૩ આનંદનગર વિસ્તારના મકાન નં. ૨૭ ખાતે રહેતા ૩૨ વર્ષિય પરિણીતા દક્ષાબેન પ્રવિણપુરી ગોસ્વામીએ ૧૨મી ફેબ્રુઆરીએ પોતાના ઘરે જ એસીડ પી લીધુ હતુ. ખુબ જ ગંભીર હાલતમાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. વધુ સારવાર માટે તેણીને એપોલો હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ગઈકાલે મોડી સાંજે સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. પરિણીતાએ કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ પણ રહસ્યમય છે.

# ટીંટોડામાં યુવતીના આપઘાત કેસમાં પાંચ સામે ગુનો દાખલ

## ગળેફાંસો ખાઈ આપઘાત કરનાર યુવતી પાસેથી મરણ ચિઠ્ઠી મળી આવી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક ટીંટોડા ગામમાં રહેતી યુવતીએ ગઈકાલે ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતદેહ પાસેથી પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં ગામનાં જ પાંચ વ્યક્તિઓના નામ લખી તેમના કારણે આપઘાત કરતાં હોવાનો ઉલ્લેખ છે. જેને આધારે પેથાપુર પોલીસે આપઘાતના દુષ્પ્રેરણ બદલ પાંચેય સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ટીંટોડા ગામમાં નાનપુરા વિસ્તારમાં રહેતી સુનિતા રમણજી ઠાકોર ગઈકાલે ઘરમાં જ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટનાની જાણ પોલીસને થતા પેથાપુર પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહ પી.એમ. કરાવી તપાસ આરંભી હતી. મૃતદેહ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં ગામમાં જ રહેતા બે દંપતીની અને એક યુવતી મળીને પાંચ જણાના નામ હતા. અનીલ પ્રતાપ ઠાકોર, દક્ષા અનીત ઠાકોર, નવીન યોગેશ ઠાકોર, લીલા નવીન ઠાકોર અને કોમલ અતુલ ઠાકોર પાંચેયને કારણે આપઘાત કર્યો હોવાનો મરણચિઠ્ઠીમાં ઉલ્લેખ હોવાથી પેથાપુર પોલીસે પાંચે સામે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# મંત્રી વિરૂદ્ધ દેખાવો બદલ વણકર સમાજના સભ્યોની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૪

અઠવાડિયા અગાઉ ગાંધીનગર ટાઉનહોલ સામે વણકર સમાજનો સ્નેહ મિલન સમારંભ યોજાયો હતો. જેમાં ગુજરાતના કેબીનેટ મંત્રી અને વણકર સમાજના આગેવાન રમણલાલ વોરા ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર શહેરમાં વણકર ભવનની માંગ સાથે ઉપવાસ પર બેઠેલા વણકર સમાજના જ્ઞાતિ બંધુઓ સ્નેહમિલન સ્થળે દોડી આવ્યા હતા અને મંત્રી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી ભારે હોબાળો મચાવ્યો હતો જેમાં ૯ વ્યક્તિઓ સામે સે. ૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પરિણામે પોલીસે કાર્યવાહી કરી ૬ વ્યક્તિઓની ધરપકડ કરી હતી અને બાદમાં આજે અન્ય ત્રણ મહિલા હંસાબેન ડાહ્યાભાઈ પરમાર, દક્ષાબેન મણીલાલ પરમાર તેમજ હિનાબેન પરમારની પોલીસે ધરપકડ કરી હતી અને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૭માંથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં સેકટર-૭-સી પ્લોટ નં. ૮૩૩/૨માં રહેતા અને જય પેથોલોજી લેબમાં આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતાં યુવાન પ્રદિપસિંહ બળદેવજી ઠાકોરે તેમનું પલ્સર બાઈક નં જીજે-૧૮-એ એલ ૫૪૩૦ ઘર આંગણે પાર્ક કર્યું હતું. ૧૯ જાન્યુઆરીએ રાત્રે પાર્ક કરેલું તેમનું બાઈક કોઈ શખ્સ ઉઠાવી ગયું હતું. આજ દિન સુધી કરવામાં આવેલી શોધખોળ બાદ પણ બાઈક મળ્યું નથી. યુવાને સે-૭ પોલીસ મથકે બાઈક ચોરીની ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)



ગાંધીનગરમાં રોજે રોજ અકસ્માતો થતા જ હોય છે. ગઈ કાલે લગભગ સાંજના ૪.૩૦નાં સુમારે ચ રોડ પર પંચદેવ મંદિર સામે એક સ્વીફટ કાર અને જીજે-૧૮-૧૬૪૧ નંબર સ્પાર્ક કાર વચ્ચે અકસ્માત થયો હતો.

# આજે કાદરશાવલીનો ઉર્સ મુબારક ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના કોબા ગામે આજે તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ હઝરત કાદરશાવલીનો ઉર્સ મુબારક શાનો સોકતથી મનાવવામાં આવશે. આ ધાર્મિક પ્રસંગે જાહેરની નમાઝ બાદ ગામમાંથી ગાદી શરીફ નિશાન રફાઈ સાથે દરગાહ ઉપર પહોંચશે. આ ઉર્સ મુબારક ગામના સાથ સહકારથી કોમી એકતાના ભાગરૂપે મનાવવામાં આવશે. આમ ન્યાઝ તકસીમ કરવામાં આવશે. તેમ દરગાહના ખીદમતગાર યુનુસબાપુએ તમામ ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો હતો.

# સીમકાર્ડ રજીસ્ટર ન ધરાવતા ચેતી જજો

## કલોલ એસ.ઓ.જી.નો સપાટો : આઠ દુકાનદારો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા એસ.ઓ.જી. (સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ) દ્વારા આજરોજ કલોલ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી આઠ મોબાઈલની દુકાનોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં દુકાનદારો પાસે મોબાઈલ સીમકાર્ડનું ખરીદ-વેચાણનું રજીસ્ટર ન હોવાથી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ દુકાનદારો સામે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આજરોજ જિલ્લા એસ.ઓ.જી.ની ટીમ દ્વારા કલોલ શહેરમાં અચાનક દરોડા પાડ્યા હતા. એસ.ઓ.જી.ની ટીમ દ્વારા શહેરની મોબાઈલની દુકાનોની તપાસ કરવામાં આવી હતી. જેમાં શહેરની આઠ મોબાઈલના દુકાનોમાં કલેક્ટરના જાહેરનામાનો ભંગ જણાતા ફરિયાદ દાખલ કરી છે.

દરોડામાં કલોલમાં આવેલી અંબિકા ગીફ્ટ સેન્ટરના માલિક નિલેશ લાલજી પટેલ, પ્રયોશા પાન પાર્લરના માલિક હરેશ વાસુ પટેલ, શક્તિ કૃપા પાર્લરના માલિક રાજેશ જીવણ ઠાકોર, જયમાતાજી મોબાઈલના માલિક વાલારામ ખેતાજી ચૌધરી, સેવાકેન્દ્ર મોબાઈલ શોપ, છત્રાલના માલિક હિતેન્દ્ર રતિલાલ પટેલ, છત્રાલ જીઆઈડીસીની રિદ્ધિ મોબાઈલના માલિક ફાના રામ ચૌધરી અને તક્ષશીલા મોબાઈલ છત્રાલના માલિક સંદીપ ગોવિંદ પટેલની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

શહેરમાં દિવસે દિવસે વધી રહેલા ક્રાઈમના કારણે એસ.ઓ.જી.ની ટીમે દરોડો પાડ્યો હતો. સીમકાર્ડનું રજીસ્ટર ન ધરાવતા મોબાઈલની દુકાનદારો દ્વારા અઢંગોને મોકળુ મેદાન આપવામાં જણાઈ આવતા તમામ વેપારીઓની સામે એસ.ઓ.જી.ની ટીમે લાલ આંખ કરી છે.

કલોલ શહેર અને આસપાસના વિસ્તારોમાં મોબાઈલની દુકાન ધરાવતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે ત્યારે જાહેરનામાનો ભંગ કરનાર વેપારીઓને બક્ષવામાં આવશે નહિ. ઉપરોક્ત તમામ વેપારીઓની ધરપકડ કરી પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પથરીની બિમારીથી પીડાતી મહિલાનું સફળ ઓપરેશન

## સિવિલના તબીબોને એક કલાકની જહેમત બાદ સફળતા મળી

ગાંધીનગર, તા. ૧૪

છેલ્લા ઘણા સમયથી પથરીની બિમારીને લઈ દર્દથી કણસતી શેરથા ગામની મહિલાનું આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોએ સફળ ઓપરેશન કર્યુ હતું અને મહિલાને પીડામાંથી મુક્ત કરાવી હતી. ઓપરેશનમાં તબીબો અને તેમની ટીમે એક કલાકની લાંબી જહેમત બાદ સફળતા મેળવી હતી.




આ ઓપરેશનની વિગત એવી છે કે ગાંધીનગર નજીક શેરથા ગામ આવેલું છે. જ્યાં ૩૫ વર્ષીય મધુબેન ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. મધુબેનને છેલ્લા ઘણા વર્ષોથી પથરીની દર્દભરી બિમારી હતી આથી તેઓએ આ દર્દને લઈ તબીબ પાસે તપાસ કરાવી હતી જેમાં મહિલા મધુબેનને મુત્રાશયમાં પથરી હોવાનું જાણવા મળ્યું હતું. પરિણામે થોડા મહિનાઓ અગાઉ તબીબોએ મહિલાના મુત્રાશયમાં રહેલી પથરી દૂર કરી હતી અને મુત્રાશય પાસે ડી.જે. સ્ટેન્ટ મુક્યુ હતુ. પરંતુ થોડા સમય બાદ મુત્રાશય પાસે રહેલ સ્ટેન્ટ ઉપર ધીમે ધીમે પથરીના થર જામવા લાગ્યા હતા. મહિલા આ પથરીની બિમારીને લઈ અશહ્ય પીડા ભોગવી રહી હતી. અશહ્ય પીડા અને બળતરાથી હેરાન પરેશાન મહિલાને પરિવારજનોએ ગત ૪ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર સિવિલમાં દાખલ કરાવી હતી. જ્યાં તબીબોએ સોનોગ્રાફી અને બ્લડના રીપોર્ટ કરાવ્યા હતા. જેમાં પુનઃ પથરી થઈ હોવાનું જણાતા ગાંધીનગર સિવિલમાં ડૉ. પલ્લવ પટેલ, ડૉ. હિતેશ બ્રહ્મભટ્ટ અને તેમની ટીમ દ્વારા મહિલાનું સફળ ઓપરેશન કર્યુ હતું. ડૉક્ટરની ટીમ એક કલાકની લાંબી જહેમત બાદ દર્દથી કણસતી મહિલાના શરીરમાં રહેલી અંદાજે પાંચ ઈંચ મોટી પથરી અને અગાઉ લગાવવામાં આવેલ ડી.જે. સ્ટેન્ટને દૂર કરાવી દર્દમાંથી મુક્ત કરાવી હતી.

# અનન્ય રામ-હનુમાન ભક્ત હર્ષેન્દુ ત્રિભદ્ર છાયાની ચિર વિદાય

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં પૂ. મોરારી બાપુની રામકથાનું આયોજન કરાયું હતું ત્યારે આ કથાના આયોજક રામકથા સેવા સમિતિ દ્વારા રામ મંત્ર લેખનનો વિચાર કરાયો હતો અને ભક્તોને રામમંત્ર લખવા નોટબુકો આપવામાં આવી હતી. આ કાર્યક્રમની સુગંધ છેક ભુજ રહેતા સ્વ. હર્ષેન્દુ ત્રિભદ્ર છાયાને થતા જ આ રામ ભક્તે રામ મંત્ર લખવાનો સંકલ્પ કર્યો અને એકલે હાથે ૨૫ લાખ રામ મંત્રો લખ્યા હતા. આવા પરમ રામ-હનુમાન ભક્ત સ્વ. હર્ષેન્દુ ત્રિભદ્ર છાયાનું ૭૨ વર્ષની ઉંમરે દેહાવશાન થયું છે.

સ્વ. હર્ષેન્દુ છાયાએ ગાંધીનગરમાં આયોજિત રામકથામાં પોતે વ્યક્તિગત રીતે ૨૫ લાખ અને ગોંડલની મંત્ર સમિતિ વતી પણ ૨૫ લાખ એમ કુલ ૫૦ લાખ મંત્રો એકલે હાથે લખ્યા હતા. પરમ રામ ભક્ત અને હનુમાન ભક્ત એવા આ સેવક ભુજના સ્થાનિક અખબારમાં 'હનુમાન ગાથા'ના બાવન હપ્તા, 'શિવ-મહિમા' અને 'રામકથા'ના ૨૫-૨૫ હપ્તા લખી ચૂક્યા હતા. હાલમાં તેઓ 'માર્કન્ડેય પુરાણ' લખી રહ્યા હતા અને તેના ૫૨ હપ્તામાંથી ૧૦મો હપ્તો લખીને રાત્રે ૧.૩૦ વાગે સુતાની સાથે જ ચિરનિંદ્રામાં પોઢી ગયા



હતા.

લેખન કાર્યની સાથે સાથે તેઓ નિયમિત હનુમાન ભક્તિ કરતા હતા અને દર શનિવારે ભુજના 'દાડિયા હનુમાન' અને 'પડદા ભીઠ્ઠ' હનુમાનના મંદિરોમાં સ્વહસ્તે આકડાના ફુલો ચુંટીને તેનો હાર બનાવી ચઢાવતા હતા. તેઓ પોતાના ઘરના મંદિરમાં પણ હનુમાનજીને દર શનિવારે પાંચ ફુટની પાંચ માળા અને આકડાના ફુલનો મુગટ પણ ચડાવતા હતા. હનુમાન જયંતિએ તેઓ ભુજના હનુમાન મંદિરોએ ૧૦૦ ફુટનો આકડાનો હાર ધરાવતા હતા.

મંત્રલેખન, ધાર્મિક કથા લેખન, માળાઓ બનાવવી વગેરે શોખની સાથે સ્વ. હર્ષેન્દુ છાયા તેમના અન્ય એક સેવાભાવી શોખને કારણે પણ જાણીતા બન્યા હતા. તેઓ હરદ્વારથી નિયમિતપણે ગંગાજળ લાવતા અને આમ કરતા તેમણે કુલ ૪૦૦ લીટર ગંગાજળ એકઠુ કર્યું હતું. જેની તેમણે મંદિરમાં સ્થાપના કરી હતી. ભુજના મંદિરોમાં શુભકાર્યો માટે તેઓ આ ગંગાજળની નિશ્વાર્થ ભાવે ભેટ ધરતા હતા અને તેઓ તેમના અવસાન પછીની ગંગાજળની વ્યવસ્થઆ પણ ગોઠવતા ગયા હતા.

સ્વ. હર્ષેન્દુ ત્રિભદ્ર છાયા તેમના પાછળ પત્ની અને બે પુત્રીઓને વિલાપ રૂદન કરવા કરતાં રામનામ અને હનુમાન ચાલીસાના પાઠ કરવાનું સૂચન કરતા ગયા હતા. ધાર્મિક લેખો લખ્યા બાદ ચિર નિંદ્રામાં પોઢી ગયેલા આ પરમ ભક્તના આત્માની ચિર શાંતિ પ્રભુ પ્રદાન કરે તેવી પ્રાર્થના ગાંધીનગર સમાચાર કરે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૨૭.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે :૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હસી તો ફસી :૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુંડે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સાંઈ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા 'લકી ડ્રો' કાર્યક્રમનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકે

### ટાઉન હોલ

- શિવરંજની દ્વારા વેલેન્ટાઈન ડે નિમિત્તે હિન્દી-ગુજરાતી ગીત-સંગીતનો કાર્યક્રમ પ્રેમ એટલે શું? રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મિથુન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કુટુંબમાં માંગલિક કાર્ય થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાની હર્ષ થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે.

**ધન** : સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર સારો ચાલશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. નયનાબેન દિપકકુમાર ત્રિવેદી (ઉ.વ. ૫૩) ૧-ગ્રીન સોસાયટી, મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દક્ષાબેન પ્રવિણપુરી ગોસ્વામી(ઉ.વ. ૩૫)પ્લોટ નં. ૨૩, આનંદનગર સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.